સ્ટાફ સિલેક્શન કમિશનની રચના બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: કેમીવાશ/૧૦૮૮/૨૨૪૪/ગ-૩,
સચિવાલય, ગાંધીનગર.

તા. [illegible]/૧૯૯૦.

વંચાણે લીધા :- આ વિભાગના તા. ૨૧/૪/૮૮ તથા ૨૨/૧૪/૮૮ના ઠરાવ ક્રમાંક: કેમીવાશ/-૧૧૮૬-૧૬૧૫-ગ-૩.

// ઠરાવ //

રાજ્ય સરકારની કચેરીઓ માટે વર્ગ-૩ ની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂંક કરવા લાયક ઉમેદવારોની પસંદગી કરવા માટે તા. ૨૧/૪/૮૮ના ઠરાવથી કર્મચારી પસંદગી આયોગની રચના કરવામાં આવી છે. અને તેનું નામ તા. ૨૨/૧૪/૮૮ના ઠરાવથી ' ગુજરાત કર્મચારી પસંદગી આયોગ ' ગુજરાતીમાં અને ''                '' અંગ્રેજીમાં રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

૨. ભારતના બંધારણની બંધારણીય જોગવાઈ અનુસાર ' ગુજરાત જાહેર સેવા આયોગ ' અસ્તિત્વમાં છે જ્યારે ઉપરોક્ત ઠરાવથી બીજા આયોગની રચના થતાં આવા બે આયોગો અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે જુદી જુદી જગ્યાઓના ઉમેદવારોમાં એકજ નામાભિધાનના કારણે ગુંચવડા ઉભા થવા સંભવ છે. આના કારણે કેટલાક વહીવટી પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે. વળી એક આયોગ બંધારણીય છે અને બીજું આયોગ વહીવટી છે. આથી બંનેની પ્રસ્થિતિ સ્પષ્ટ થાય તેમજ બંનેની ભિન્ન રીતે ત્વરીત ધ્યાન આપી શકે અને તેની કામગીરીમાં સરળતા રહે એ હેતુ એ '' ગુજરાત કર્મચારી પસંદગી આયોગ ) '' ના હાલના નામાભિધાનમાં ફેરફાર કરવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. આમાં પુખ્ત વિચારણા કર્યા બાદ તા.૨૨/૧૪/૮૮ના ઠરાવથી રચવામાં આવેલ આયોગનું નામ ગુજરાતીમાં '' ગુજરાત કર્મચારી પસંદગી આયોગ તથા અંગ્રેજીમાં ''                '' ને બદલે અનુક્રમે 'ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ' ગુજરાતીમાં અને ''                '' અંગ્રેજીમાં રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
( બી. કે. પરમાર )
સંયુક્ત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર,

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
- બધા મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- × સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- × રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ.
- સચિવશ્રીના સર્વે વિભાગો/ મહાલેખાકારશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- અન્ય ખાતા કચેરીઓના વડાઓ/સર્વે કલેકટરશ્રીઓ/સા.વ.વિ. સર્વે શાખાઓ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

× પત્ર દ્વારા.